અ-દેહેશને, a-dêhêshnê. વિ૦ પેદાએશ વગર. Adj. Having no creation.

અ-સહશને, a-sahashne. ના૦ નહીં ચાહાવું—ઈચ્છવું. Subs. Not loving—wishing.

આસાએશ્ને, âsâêshnê. ના૦ આસાએશ પામવી. Subs. Taking one's ease, gathering breath.

આસાએશે, âsâêshê. ના૦ આસાએશ, નીરાંત, Subs. Repose, rest.

આસાઈનદ, âsâînad. ક્રિ૦ આસાએશ, આસાએશ લેછે, રાહત પામેછે. V. Takes rest; enjoys happiness (pres.).

અસાસે, asâsê. ના૦ ઘરસામાન; દોલત. Subs. Household furniture; wealth. Comp. Ar. اثاث, اثاثه

અ-આસતાર, a-sâstâr. ના૦ જુલમ નહીં ગુજારનાર, સેતમગાર નહીં તે, કૃપા દયા કરનાર, દાદ આપનાર. Subs. One who does not exercise tyranny—unlawful authority, one who does not harass others with unreasonable severity, a compassionate—merciful man. Contrast Av. = Sans. शास्त्र.

અ-સેહસ્તન, a-sêhastan. ક્રિ૦ નહીં ચાહવું—ઈચ્છવું; નહીં બીહીવું—ધાસ્તી ખાવી; વેહેમ નહીં કરવો. V. Not to like—wish; not to be afraid, not to dread; not to be doubtful.

ખેશીનીદારી, khêshînîdârî. ના૦ સગું, ખેશ. Subs. A relative, a kinsman.

આસાઈનીદન, âsâinidan. ક્રિ૦ આસાએશ કરવી—પામવી, નીરાંત લેવી. V. To take rest—breath, to repose.

અએ-દાબુનદ, aê-dâbunad. ક્રિ૦ તે મુકે—આપે. V. He or she may put—give.

અ-સાઈએ, a-sâiê. See , a-sâiê.

અસાએહ, અસાએ, asâêh, asâê. ના૦ માખ; જંગ; છાયડો. Subs. A fly; the thigh; shade.

અ-શાઈએ, a-sâiê. See a-sâiê.

અદશી-ચ, adashî-cha. સર્વ૦ કોઈ એકભી, કોઈ પણ. Pron. Even one person—any one.

અ-ગશેદ, a-gashêd. ક્રિ૦ નહીં ફરે—ચાલે; મુન કેર નહીં જાય. V. May not walk—go; may not deny—disbelieve.

આસાએદ, âsâêd. ક્રિ૦ આસુદે રેહે; તંદરોસ્ત રેહે. V. May get rest, may remain healthy.

આસાઈદન, âsâidan. ક્રિ૦ ઉંઘવું, આસાએશ લેવી, આરામ પકડવો. V. To sleep, to rest, to repose.

અદદાન, adadân. ના૦ અંકો, હીસાબો. Subs. Numbers, accounts.

અદશન, adashna. ના૦ ખાહેશ, મરજી. Subs. Wish, desire.

અબદાન, abadân. ના૦ ખાન્દાન, ઓલાદ, વંશ. વિ૦ સજાવાર, લાયક. Subs. Family, parentage, lineage. Adj. Worthy, fit.

આસાન, âsân. વિ૦ શાંત, ચુપ, સેહેલ; સેતાબ, સગવડ ભરેલું, દેલાશા ભરેલું, ખુશ, સુખી, સભ્ય, કૃપાળુ, દયાવંત, મેહેરબાન. Adj. Quiet, calm, easy; hasty; convenient, consoling, pleasant, happy; modest; compassionate, merciful, kind. Per. آسان

સે-દાંગ, sê-dâng ના૦ ત્રણ દાંગ; "દાંગ" એટલે એક "દરામ" નો છઠો ભાગ; વલી કેટલાકો દરમનો ચોથો ભાગબી લખેછે. Subs. Three *dângs*; a *dâng* = $\frac{1}{6}$ part (and according to others $\frac{1}{4}$ part) of a dram. Comp. Per. سه دانگ

અઈશ્ની, aîshnî. ના૦ ઉડવું; નુર; પરંડાનો માળો. Subs. Flying; light; a bird's nest.

આસાની, âsânî. ના૦ સહેલાઈ; મુશકેલીથી વેગળું, ફરાગતી, સુખાકારી, ખુશી, સુખ, શાંતી. વિ૦ આશાનીવાળું,

ખુશહાલી ભરેલું, પસંદ પડતું, આસાએશ ભરેલું. Subs. Facility, ease; healthy state; happiness, calmness; freedom from difficulty. Adj. Easy, delightful, pleasing. Per. آساني .

આસાનેશ, âsânêsh. નાο 'શેહેરેવર' અમસાસ્પંદની સાંભે થનાર દેવનું નામ. Subs. The name of the evil spirit who opposes *Shaharêvar Amshâspand.* Comp. Pâz.

આસાનીહા-તર, âsânihâ-tar. વિο વધારે સેહેલું —સુતરૂં. Adj. More easy—simple.

આસાનીહીદન, âsânîhîdan. ક્રિο આસાની—આસાએશવાલું થવું. V. To be at rest—ease.

આસાનશ્ની, âsânashnî. નાο See âsânî.

આસાનશ્ને, âsânashnê. નાο See âsânî.

અ-ગશ્નીજે, a-gashnizê. વિο નહીં ઉગતું. Adj. Not growing.

આસાનીદન, âsânidan. ક્રિο આસાએશ લેવી, સુખ ભોગવવું. V. To take rest; to enjoy happiness.

ખસાનીદન, હસાનીદન, khasânidan, hasânidan. ક્રિο રેડવું, નાખવું. V. To pour; to pour upon.

આસાનગરી, âsângarî. નાο સેહેલાઈ, સુખ. Subs. Facility, ease, happiness.

આસાન-ગરીએ. âsân-gariê. વિο શાંતીવાળું, સુખી. Adj. Quiet, happy.

અએ-જાન, aê-jân. નાο એક આત્મા; એક માણસ. Subs. One soul; one living being; one person.

અએશુન, aêshun. એઓ, તેઓ. These, they.

અદશુન, adshûn. સર્વ૦ બીજઓ, લોકો. Pro. Others, people.

અબદાન, abadân. See abadân.

અ-સખુન, a-sakhun. ના૦ ખરાબ સખુન, નાલાયક વાત. વિ૦ વાચા વગરનું, મુગું. Subs. A bad word, an unworthy story—discourse. Adj. Without speech; dumb. Comp. Per. بي سخن

આઈશ્ને, આએશ્ને, આએશે. âishnê, âêshnêd âêshê ના૦ જસુસ; છુપો કાસદ; આવવું, આવનાર. Subs A spy; a secret emissary; coming; one who comes.

આસાન, âsân. See âsân.

આશીન, asin ના૦ લોઢું. Subs. Iron.

ખેજાન, khêjân. ના૦ પાનખર રૂતુ. Subs. The autumn. Per. خزان

આસાની, âsânî. See âsânî.

આસાની, âsânî. See âsânî.

આશાન-તુમ, âsântum. વિ૦ અતીશય આશાન; સર્વેથી ખુશનુમા. Adj. Most easy; most pleasant. Comp. Per. آسان ترين

આએશને, âêshnê. ના૦ આવનાર, આવવું; જસુસ. Subs. One who comes; coming; a spy.

અબેઅન-જામ, abêanjâm. ના૦ અહુરમજદની વગર છેડાની પાદશાહી—હકુમત, ખોદાતાલાના નામો મધેનું એક નામ છે; Subs. The infinite reign of *Ahura-mazda*; one of the names of the Supreme God.

અબે-અનજામ, abê-anjâm. See abê-anjâm.

આસાન-તુમ, âsân-tum વિ० Adj. See âsân-tum.

એશુમ, êshûm. ક્રિ० હું ધોઉં. V. I may wash.

આસ-ઓમંદ, âs-omand. વિ० શરાબથી ભરપુર. Adj. With wines or liquor.

અઈશક, aishak. ના० પ્યાર, પ્રીતિ. Subs. Love, affection.

અઈશે, aishê. ના० જાસુસ; વેરાન—ઉજડ જગ્યા, વગડો. Subs. A spy; waste land; a desert.

આદશે, âdashê. સર્વ० કોઈ, કોઈએક. Pron. Some one, any one.

એશે, êshê. વિ० ખમનાર, સોસનાર, સંતોષી, ધીરજવંત. Adj. Enduring, tolerant; contented, patient.

સસક, sasak. સંખ્યા. વિ० નેવું, ૯૦. Numer. adj. Ninety, 90.

અશગહનીનગી, ashgahaningî. ના० આળસાઈ. Subs. Laziness, sloth.

ખેશકારી, khêshkârî. ના० કારોબાર, કાર, કશબ, કામધંધો. Subs. Management, transaction, business, trade, occupation.

અદશ-ચ, adasha-cha. સર્વ० કોઈ પણ, જેબી કાંઈ, વળી કોઈબી. Pron. Even some one, whosoever, any one evên, anybody.

અદશ-ચ-અદશ, adasha-cha-adash. સર્વ० કોઈબી શખ્સ. Pron. Any person.

[Avestan] અદશ-ચ, adasha-cha. See [Avestan] adasha.

[Avestan] અ-સાજ઼ાકાન, a-sâzâkân. ના૦ નહીં ગોઠવનારા —બનાવનારા—તૈયાર કરનારા. Subs. Those that do not arrange—perform—prepare.

[Avestan] અ-સાજ઼ી, a-sâzî. વિ૦ રચના—ગોઠવણ વગરનું. Adj. Having no order—arrangement.

[Avestan] અ-શાજ઼શની, a-sâzashnî. ના૦ નહીં બનાવવું—તૈયાર કરવું; બેસતું નહીં કરવું. Subs. Not making—preparing; not adapting.

[Avestan] અ-સાજ઼શ્ને, a-sâjashnê. See [Avestan] a-sâzî.

[Avestan] અ-સાજ઼ે, a-sâzê. ના૦ તૈયારી વગરનું; રાગ વગરનું. Subs. Unpreparedness; want of harmony—concord. Contrast Per. ساز

[Avestan] અ-સાજ઼ગાન, a-sâzagân. ના૦ નાલાએક માણસો. Subs. Unworthy persons.

[Avestan] અ-સાજ઼ગી, a-sâzagî. ના૦ મીલનસારી નહીં; નરમાસ—નમ્રતાઈ વિનાનું. Subs. Unsociableness; want of meekness—mildness.

[Avestan] અ-સાજ઼ે, a-sâzê. See [Avestan] a-sâzê.

[Avestan] અ-ગશ્ત, a-gasht. વિ૦ ફરયા વગર; વિસામા—ગમત વગર. Adj. Without walking; having no recreation—amusement. Contrast Per. گشت

[Avestan] અ-યશ્ત, a-yasht. ભૂ૦ કૃ૦ નહીં ઈજ઼ેલું—વખાણેલું. Past partic. Uninvoked; not praised. Contrast Av. [Avestan]

[Avestan] અ-સખ્ત, a-sakht. વિ૦ સખત—ભારી—કઠણ નહીં; નરમ, સેહેલું, દુરબલ, નબળું, અસ્થીર, ઢચુપચુ. Adj. Not

hard, soft, not heavy, easy, infirm, feeble, weak, unsteady, indeterminable, wavering. Contrast Per. سختی

એદાદ, êdâd. વિ० એકલો, વગર સાથીએ. Adj. Solitary, single, alone.

ખેશ્ત, khêsht. ના० ઈંટ, ઈંટરડી. Subs. A brick. Comp. Peh.

અ-યશ્તાર, a-yashtâr. ના० આરાધના—બંદગી નહીં કરનાર.[3] Subs. One who does not invoke—pray.

અ-યશતારી, a-yashtârî. ના० નહીં પુંજવું, યજશની નહીં કરવી. Subs. Not invoking, not offering prayers to.

અ-સખ્તી, a-sakhtî. ના० મુશકેલીઅત—સખતપણું નહીં તે; નરમાસ, સેહેલાઈ, દુરબલતા, નબલાઈ, આનાકાની.. Subs. Want of hardness—difficulty; softness, infirmity, weakness, indetermination. Contrast Per. سختي

આબેશ્તગાસ, âbêsht-gâs. ના० હલાએદી—જુદી—એકાંત જગ્યા; Subs. A separate—detached place, a solitary spot.

અબશ્તન, abashtàn. ક્રિ० ઢાંકેવું—છુપું રાખવું, સંતાડવું. V. To conceal, to keep secret, to hide. Per. ابشتن

અ-યશતન, a-yashtan. ક્રિ० નહીં ઈજવું—આરાધના કરવી. V. Not to invoke—offer prayers to. Contrast Sans. यज्, Per. يشتن

આબશ્તન, âbashtan. ના૦ ઉંચી—નામીચી જગ્યા. Subs. An elevated place; a first-rate spot.

અ-શાતુનીનેદ, a-sâtunînêd. ક્રિ૦ નહીં ચલાવે—ફેરવે. V. May not make to proceed or go; may not set in motion.

હેશ્તન, hêshtan. ક્રિ૦ છોડવું, મુકી દેવું. V. To leave off, to forsake. Per. هشتن

અ-શાતુનાન, a-sâtûnân. વિ૦ નહીં ચાલતું—દોડતું—વેહેતું, સ્થીર. Adj. Not walking, not running, not flowing, steady.

અ-યશ્તની, a-yashtanî. વિ૦ યજશ્ને—વખાણ નહીં કરવા લાયકનું. Adj. Not fit for invocation—praise.

અ-સાતુનતન, a-sâtûnatan. ક્રિ૦ નહીં ચાલવું—જવું, આગલ નહીં વધવું, પેટે નહીં ચાલવું, નહીં ખીશકવું—વેહેવું; સ્થીર—ઉભું રેહેવું. V. Not to walk—proceed, not to go—creep, not to move—flow; to remain steady.

આયશતને, âyashtanê. વિ૦ ખુશામતવાલો; મીઠી જબાનનો, ફરેબ દેનારો. Adj. Flattering; having a sweet tongue, beguiling.

અ-યશ્તે-મનશ્ની, a-yashtê-manashnî. વિ૦ યજશ્ને—આરાધના કરવાનો વિચાર નહીં રાખનાર. Adj. Not thinking of offering divine honors.

એ-ગશતે, a-gashtê. વિ૦ નહીં ફરેલું, નહીં બદલાએલું—ફેરવાએલું. Adj. Unturned, unchanged, unaltered.

અ-યશત-કરદ, a-yashta-kard. ના० યજશને નહીં કીધેલું, ખુબ નહીં કીધેલું. "ખુબ" એટલે પવિત્રાઈના અમલમાં આવવું; "ખુબ" એ એક બંદગીનું નામ છે. ખુબની બંદગી બે જાતની થાએછે. એને અમલને નામે પણ ઓળખવામાં આવેછે. એક મ્હોટો અમલ અને એક નાહાનો અમલ. મ્હોટી ખુબનાં અમલને "મીનોનાવર" ને નામે ઓળખવામાં આવેછે. અને નાહાની ખુબના અમલને "પાંચતાએ" ની ખુબને નામે ઓળખવામાં આવેછે. "મીનોનાવર" ની ખુબ કોઈબી ફરેશતાની કે અશો ફરોહરોની નઈઅતે "યજશને" ની બંદગી કરવાની આગમજ કરવામાં આવેછે. જો તે ખુબવાળા ધણી ઉપર દશતાનવાળી ઓરતની નજર નહીં પડી હોએ, તથા કોઈ જુદદીન વાળાનો છેડો નહીં લાગીઓ હોએ, તથા આખું આંગ નહીં ધોવામાં આવ્યું હોએ અને જે કાંઈ ખાએ પીએ તે "પાંચતાએ" ની ખુબ કરીનેજ ખાએ પીએ તો, તે; "મીનોનાવર" ની ખુબનો અમલ આખા ત્રણ દિવસ સુધી રેહેછે. અને "પાંચતાએ" ની ખુબ તે, ફરેશતાઓની કે અશો ફરોહરોની નઇઅતે "દરૂન" ની બંદગી કરવાની આગમજ કરવામાં આવેછે. એનો અમલ જ્યાંસુધી "દરૂન" ઈજવાની બંદગીઓ થાએછે ત્યાં સુધીનોજ રેહેછે. જો "મીનોનાવર" ની ખુબ કીધેલી તઈઆર હોએ તો તેથીબી "દરૂન" ઈજાઈ શકાએ છે. ત્યારે "પાંચતાએ" ની ખુબની કાંઈ જરૂર પડતી નથી.
Subs. *A-yashta-kard* literally means an *Izashné* that is not recited, or made *khoob*. *Khoob* is the state of an officiating priest arriving at a higher degree of purification by the recital of the *Izashné* with due ceremonies. *Khoob* is also the name of a prayer, otherwise known by the name of *amal*, and is of two kinds. One is called the higher *amal* or the *mîno-*

nâvar khoob, and the other the lower or the *pânch-tâê* khoob.* The *mîno-nâvar khoob* can be performed in honor of any heavenly angel or *Asho Farohar* before undergoing the *Izashnê* ceremony. The efficacy of this prayer lasts for three days, provided the officiating priest is not seen by a woman in her monthly course, or is not touched by the skirt of a garment worn by a man of foreign creed, or has not washed his whole body, or has not taken his meals without the aid of the *pânch-tâê khoob.* The *pânch-tâê khoob* is performed in honor of heavenly angels or *Asho Farohar* before the *darun* ceremony. Its efficacy lasts for a short time, viz., till the *darun* ceremonies are performed. *Darun* ceremonies can be performed with the *mîno-nâvar khoob,* there is then no need of the *pânch-tâê khoob.*

𐬯𐬀𐬉-𐬱𐬀𐬎 સે-શવ, sê-shav. ના૦ ત્રણ રાત્ર, Subs. Three nights. Comp. Av. 𐬚𐬭𐬌-𐬑𐬱𐬀𐬞𐬀𐬭

𐬀𐬉𐬱𐬀𐬨 અઈશમ, aisham. ના૦ સુરવાલ, ઈજાર. વિ૦ આગમચેતી કરતું. Subs. Breeches, trowsers. Adj. Predicting. Comp. Per. آيشيم

𐬀𐬉𐬔𐬁𐬨 અએ-ગામ, aê-gâm. ના૦ એક કદમ—પગલું. Subs. One pace—step.

* A *tâê* is a twig of the *Barsam* tree; now-a-days thin short metal wires are used in its place. The number of these *tâês* depends on the nature of the ceremony to be celebrated.

અએ-જામ, aê-jâm. ના૦ એક પીયાલું, એક જામ. Subs. One cup, one goblet.

અએશમ, aêshma. ના૦ ગોસ્સો, રીસ, જોસ્સો, ઝાંજ, રોષ, સંતાપ. Subs. Anger, rage, fury. Comp. Av. , Per. خشم

અગ્દામ, અયામ. agdâm, âyâm. ના૦ વખત, રૂતુ ; મોસમ. Subs. Time, season ; a recurrent period.

અસહમ, asham. ના૦ વાદલ, અંધારૂં, રાત, દાઘ, લોહી. Subs. A cloud; darkness, night; a blot; blood.

અ-સેહમ, a-sêham. વિ૦ ધાસ્તી—ભય વિનાનું. Adj. Free from dread—terror—fear. Contrast Per. سهم

આઈયામ, âiyâm. ના૦ બામદાદ, પરોઢિયું ; રોજ, વખત. Subs. Dawn, daybreak; a day, time.

આઈશ્મ, âishma. ના૦ ચંદ્ર—માહતાબની રોશની, ચાંદરણું. Subs. The light of the moon.

આસામ, âsâm. ના૦ આસાની, ખુશી. Subs. Easiness, delight.

એશમ, êsham. ના૦ કાઠી, લાકડાં. Subs. Fuel.

સે-ગામ, sê-gâm ના૦ ત્રણ કદમ. Subs. Three steps—paces. Comp. Av.

હસામ, hasâm. ના૦ પક્ષીનો માળો ; પીંજરૂં. Subs. A bird's nest ; a cage.

હેશમ, hêsham. ના૦ ગુસ્સો, ક્રોધ, ગુસ્સાનો દેવ, સરોશ યઝદની સાંભે થનાર દેવનું નામ. Subs. Anger,

wrath ; the demon of wrath ; the name of the evil spirit who opposes *Sarosh Izad*. Av. , Per. خشم

અ-સામાન, a-sâmân. વિ૦ બેહદ, સીમા વગરનું; પૈસા વગરનું; હુશીઆરી—અક્કલ—સમજ વગરનું; વગર ધીરજનું; વગર પાયાનું; બેડોલ, પ્રમાણ વગરનું, ધાતકી. Adj. Boundless, unlimited; moneyless, penniless ; wanting sense—understanding; destitute of patience; baseless; deformed, ugly; disproportional. Comp. Per. بي سامان ; contrast سامان

અ-સામાની, a-sâmânî. વિ૦ માપ—ધીરજ વગરનું; બેહદ. Adj. Measureless; wanting patience; unlimited.

અ-સામાન, a-sâmân. વિ૦ See a-sâmân.

આસામાન, âsâmân. ના૦ આસમાન. Subs. The sky.

અઈશ્મગાન, aishmagân. ના૦ ગુસ્સે થએલા લોકો. ગોસ્સો રાખનારો. Subs. An indignant people.

આસા-મીનશ્ને, âsâ-mînashnê. ના૦ સુતરો વિચાર. Subs. An easy idea; corrupt form of âsân-minashnê.

હેશમ-ગનશ્ને, hêsham-ganashnê. ના૦ હેશમ —ગુસ્સાના દેવને મારવાનું કામ. Subs. Striking the demon of anger—wrath.

આસામીદન, âsâmidan. ક્રિ૦ ફેરવવું; હીલવવું; મસલવું. V. To turn, to move round; to shake.

અઈશમે, aishmê. ના૦ ગોસ્સો, કરોધ, હેશમ દેવ. Subs. Anger; passion; the demon of wrath.

ખેશ્મે-તન, khêshmê-tan. ના૦ ક્રોધાયમાન પુરૂષ. Subs. A passionate man.

અસામે, asâmê. ના૦ "નાવર" નહીં થયલો શખ્સ, 'ઓરતો'. Subs. One who has not undergone the *Nâver* ceremony.

સે-ગામે, sê-gâmê. See sê-gâm.

અએ-બાર, aê-bâr. ક્રિ૦ અ૦ એક વખત—વાર. Adv. Once, one time.

અદબાર, adbâr. ના૦ યાર, જેમકે "મતુન-અદબાર." Subs. A friend:—as matûn-adbâr.

અસાર, asâr. વિ૦ નાફરમાન. Adj. Disobedient.

આસાર, âsâr. ના૦ રાહજન, વાટપાડો, લુટારો, આજાબ, દુ:ખ, દુ:ખ દેનાર, જુલમ ગુજારનાર. વિ૦ બેશુમાર. Subs. A highwayman; a freebooter; affliction; a tormenter; a tyrant. Adj. Innumerable.

આસાર, અસાર, âsâr, asâr. વિ૦ પુષ્કળ, ઘણું; બેશુમાર, બેહદ. Adj. Abundant, much; innumerable, unlimited.

આસાર, âsâr. ના૦ નાફરમાની કરનાર, હુકમ બજાવનાર નહીં તે, આગાહી; વાકેફી; નિશાનીઓ, ચિન્હો. Subs. A disobedient—insubordinate person; intelligence; information; acquaintance with; signs, marks.

𐬁𐬯𐬁𐬮 આસાલ, âsâl. નાo મૂલ, જડ, તોખમ, બુનિયાદ. Subs. Root, source, origin, extraction, lineage.

𐬀𐬯𐬁𐬭𐬍 અસારી, asârî. નાo ફરમાનબરદારી; અશોઈ, પરહેજગારી; તેલી, તેલ કહાડનાર. Subs. Obedience; purity; righteousness; an oilman.

𐬁𐬯𐬁𐬭𐬉𐬱 આસારેશ, âsârêsh. નાo અશોઈ, પવિત્રાઈ. Subs. Purity; freedom from ceremonial defilement.

𐬀𐬯𐬁𐬮𐬌𐬎𐬥 અસાલીઉન, asâliun. નાo ખડક ઉપર ઉગતો રોપો. Subs. A plant of the genus Petroselinum; a plant growing among rocks.

𐬀𐬛𐬀𐬱-𐬭𐬀𐬬𐬁𐬥 અદશ-રવાન, adash-ravân. નાo કોઈ શખ્સનુ રવાંન. Subs. The soul of a person.

𐬀-𐬯𐬁𐬭𐬬𐬁𐬥 અ-સારવાન, a-sârvân. વિo સરદાર વગરનું; મ્હોટાઈ નહીં ભોગવતું. Adj. Not headed by a chief; not enjoying superiority.

𐬁𐬯𐬁𐬭𐬉 આસારે, આસારહ, âsârê, âsârah. નાo હીસાબ, શુમાર, ગણત્રી. Subs. An account, reckoning, calculation.

𐬛𐬋-𐬯𐬁𐬮𐬉 દો-સાલે, dô-sâlê. વિo બે વરશનું. Adj. Of two years, two years old. Comp. دو سال

𐬀𐬉 અએ, aê. ઉભયાo અo અએ! અરે! ઓ! Oh! Ah! Alas! Comp. Pehl. 𐬀𐬉, 𐬀𐬌, Av. 𐬀𐬌

𐬀𐬛𐬀𐬯 અદસ, adas. See 𐬀𐬛𐬀𐬱 અદશ, adash.

𐬀𐬠𐬉 અબે, abê. શબ્દo શિવાય, વગેરે, વતરોગે. Prep. Except, without, exclusive of. Comp. Per. بي (from بي a privative particle meaning without.)

અ-યસ્ક, a-yask. વિ૦ વગર દુ:ખ—આજાર. Adj. Free from pain—disease. Comp. Av. ; Contrast Pehl.

અસ્બ, asba. ના૦ એબ, ઈલ્લત, બુરો ખવાસ; મેળવવું, હાંસેલ કરવું. Subs. Blemish, failing, bad nature; acquiring, obtaining.

આદસ, âdas. See âdash, adash.

આસ, âs. ના૦ ખભાં અને છાતી વચેનો ભાગ; માણસનું હૃદય. Subs. The part between the shoulder and the breast or chest; the heart of man. Comp. Av. Ar. اس

ખસગ, khasag. ના૦ કાંટો, કચરો, ત્રણ ધાર—અણીવાળો કાંટો. Subs. A thorn, straws, rubbish; a three-edged thorn. Comp. Per. خسک

ખીગ, khig. See khig.

ર-ર-ર-ર-દ, સસક, ra-ra-ra-ra-da, sasak.
(સંખ્યા૦ વિ૦ જેવું. ૯૦). Numer. Adj. Ninety; 90.

હેસ, hês. ના૦ શીંગડું; ડાળ. Subs. A horn; a branch or bough (of a tree).

અએદી, aêdî. ઉભયા૦ અ૦ વળી; એટલું છતાં પણ. Conj. Also; notwithstanding.

અએશ, aêsh. ના૦ લંબાઈનું એક માપ છે; બીલ્લસ, વેંત. Subs. A measure of length; a span. Comp. Pehl. , Av. (in)

અગેશ, agêsh. ક્રિ૦ અ૦ તેથી, તેને લીધે ; એવી રીતે, એ રવેશે. Adv. Consequently ; by that means ; in such a manner, thus.

અ-દકીઆ, a-dakiâ. વિ૦ નાપાક, અપવિત્ર ; નહીં પીસેલું—દળેલું ; સાફ નહીં કીધેલું. Adj. Impure, unholy ; not ground, not reduced to powder, uncleaned.

અબદી, abadî. ના૦ જાવેદાની, હંમેશગી. Subs. Perpetuity, eternity. Comp. Ar. ابدي

અ-બેશ, a-bêsh. ના૦ ખોદાતાલાનું એક નામ છે ; કોઈને ઈજા—નુકસાન—દુ:ખ નહીં દેનાર. વિ૦ દ્વેષ—કીના વગરનું. Subs. One of the names of God ; one who does not molest, or give pain to, any one. Adj. Free from spite—malice. Comp. Av.

અસ્ગા, asgâ. ના૦ ચાલચલણ. Subs. Behaviour, manners.

આદેશ, âdêsh. ના૦ આતસ, બળતું લાકડું ; આદર ; એક રોજનું નામ છે કે જે જશનનો દાહાડો કહેવાય છે, તે રોજે ફરજ છે કે આતશખાનાઓમાં જઈને બંદગી કરવી. Subs. Fire, a fire-brand ; *Âdar ;* the name of a day which is considered festive. It is enjoined to say prayers in fire-temples on such a day.

આસીઆ, âsiâ. ના૦ ચક્કી, ઘંટી ; શરાબ, દારૂ ; સીનો, છાતી ; સ્ત્રીઓ તથા જાનવરોનાં થાન—ધાવણ ; શિક્ષા ; રાહ, રસ્તો ; કુતરા—સગને છાંયો આપવો. Subs. A hand-mill, a mill ; wine, liquor ; the chest ; the

breast, the nipple; punishment; a way, a path; giving shelter to a dog. Comp. Per. آسیا

આસ્યા, âsyâ. See âsiâ.

હદીયે, hadiê. ના૦ નજરાણું, હડીઓ. Subs. A present especially offered to a superior; a gift. Comp. Per. هدیه

હસ્યા, hasyâ. ના૦ પાઠ—ઘડો લખવાની પાટી; ગરમી; સાહેબ; રાખનાર. ઉભયા૦ અ૦ અગર જો. Subs. The writing board of school-boys; heat, warmth; a lord, master; a keeper. Conjunc. If.

અસઘહાનેશ, asgahânêsh. ના૦ સુસ્તી—આલસાઈનો દરૂજ; શેહેરેવર અમશાસ્પંદની સાંભે થનાર દેવનું નામ. Subs. The *Drûj* of sloth—laziness; the name of the evil spirit who opposes Shaharêvar Amshâspand.

અસ્ગાહાન, asgahân. ના૦ સુસ્તી, કાહેલી, આલસાઈ. Subs. Laziness, idleness.

અ-બેશોમંદ, a-bêshômand. વિ૦ કીનાખોર નહીં. Adj. Unrevengeful. Contrast Av.

અસ્બાબ, asbâb. ના૦ સામાન, રાચરચીલું. Subs. Goods and chattels; household furniture. Comp. Per. اسباب

અ-દકીઆઈ, a-dakiâî. ના૦ નાપાકી, અપવિત્રાઈ, નજાસત. Subs. Impurity, defilement, pollution; filthiness.

[Pahlavi] અ-બેશી, a-bêshî. નાo કીના—કપટ વગરની હાલત. Subs. State of being without malice—spite.

[Pahlavi] અસ્બાએશ્ને, asbâêshnê. નાo મદદ—યારી કરવી; ભાગીઓ—શરીક થવું; બાડી આંખે જોવું. Subs. Helping, assisting; becoming a partner; squinting.

[Pahlavi] અઈબાર, અદબાર, aîbâr, adbâr. નાo મદદ કરનાર, સહાય થનાર; મદદ; જોર; ટેકો. Subs. A helper, an assistant; assistance, help, strength, power; prop, support.

[Pahlavi] અસ્બાએશ્ને, asbâêshnê. See [Pahlavi] asbâêshnê.

[Pahlavi] અસ્બાસશ્ને, asbâsashnê. નાo સરસામાન, રાચરચીલું. Subs. Goods and chattels; household furniture.

[Pahlavi] અસ્બાએશ્ને, asbâêshnê. નાo આવવું, પોહોંચવું. Subs. Coming, reaching.

[Pahlavi] અસ્બાએશ્ને, asbâêshnê. See [Pahlavi] asbâêshnê.

[Pahlavi] અ-બેશીદારી, a-bêshîdârî. નાo કપટ નહીં રાખવું; દુઃખ નહીં દેવું. Subs. Not harbouring vindictive feelings; not tormenting.

[Pahlavi] અસ્બાઈદન, asbâîdan. ક્રિo મદદ—સહાયતા—યારી કરવી. V. To assist, to help.

[Pahlavi] અહશ્ન, ahashna. નાo રાહત, સુખ, મોજમઝા, શાન્તી. Subs. Quiet, ease, happiness, pleasure.

[Pahlavi] આસીઆવ, âsiâv. નાo બાગ, વાડી; દારૂ; ઉંબર; ઘંટી.

Subs. A garden, an orchard; spirituous or vinous liquor; the threshold; a mill. Comp. Per. آسیا, آسیا ب

આસીન, âsîn. ના૦ લોહું. Subs. Iron. Comp. Pehl.

આસાની, âsânî. ના૦ સેહેલાઈ, સુગ્માઈ. Subs. Ease, facility. Per. آساني

આએશ્ને, âêshnê. See asbâêshnê.

આદહીઆન, âdahiân. ના૦ આ દેશના લોકો, આ જગાના દેશીઓ. Subs. The people of this region; the natives of this place. Comp. Av. Pâz.

આદેશે, âdêshê. See âdêsh.

આસશ્ને, âsashnê. ના૦ આસાએશ, શાન્તી, આસુદગી. Subs. Rest, quiet, repose.

આસીઆને, âsiânê. ના૦ પક્ષીનો માળો. Subs. A bird's nest. Comp. Per. آشیانہ, آشیان

ખસશ્ને, khasashnê. ના૦ બુઢ્ઢું થવું; ભીનું કરવું; ભુંજવું; ખાવું; બીહીવું. Subs. Becoming old; moistening; baking; eating; fearing. Comp. Per. خسیدن

આસીઆવ, âsiâv. See , âsiâv.

અબેદાદ, abêdâd. ના૦ જુલમ, જબરદસ્તી. Subs. Injustice, force, compulsion. Comp. Per. بي داد

અ-બેશ્ત, a-bêsht. વિ૦ દુખી નહીં થએલો; કીના

વગર. Adj. Not afflicted; having no malice. Av. ; Comp. Pehl.

અ-બેશ્તી, a-bêshtî. ના૦ કીના વગરની હાલત, દુઃખી થયા વગરની હાલત. Subs. State of being not revengeful—afflicted.

આહીખ્તી, âhîkhtî. તેં ખેંચ્યું—તલવાર મેઆનમાંથી બાહાર કાહાડી. V. You pulled; you unsheathed a sword (past tense 2nd per. sing.) Comp. Per. آهيختي

આયેઈશ્મ, âyêîshma. ના૦ ચંદ્રપ્રકાશ, ચાંદરણી. Subs. The light of the moon.

આબસાલ, âbsâl. ના૦ બાગ, વાડી. Subs. A garden; an orchard. Comp. Per. ابسال

અગદી, agdî. ના૦ થોડીક વસ્તુ. વિ૦ થોડું. Subs. A few things. Adj. Little, few.

અ-યસ્ક, a-yaska. વિ૦ દુઃખ—દરદ વિનાનું. Adj. Free from pain—disease. Av.

આસેબ, âsêb. ના૦ બલા, આફત, મુસીબત. Subs. Misfortune, calamity, hardship. Comp. Per. آسيب

આબેહી, âbêhî ના૦ આમુ નામની નદી. Subs. The river Amoo.

અએબાદગી, aêbâdagî. ના૦ મદદ, યારી Subs. Help, succour.

સે-શોદે, sê-shôdê. વિ૦ ત્રીજો હિસ્સો, એક તૃત્યાંશ, $\frac{1}{3}$.— Adj. A third part, one-third; $\frac{1}{3}$.

અએ-દસ્ત, અએ-જસ્ત, aê-dasta, aê-jasta. ના૦ એક હાથ; આએ હાથ. Subs. One hand; this hand.

ખસસ્ત, khasast. વિ૦ બેઅક્કલ. Adj. Senseless, imprudent.

સે-જસ્ત, sê-jasta. ના૦ ત્રણ હાથ. Subs. Three hands.

હેસીદન, hêsidan. ક્રિ૦ બીહીવું, ડરવું, ભય લાગવો. V. To fear, to dread; to be afraid.

અસસ્તે, asastê. વિ૦ બેઅક્કલ, બેવકુફ, મૂર્ખ. Adj. Senseless, foolish, silly.

આબેસ્તે, âbêstê. ના૦ ગર્ભસ્થાન; હમેલદાર સ્ત્રી; ગર્ભ, હમેલ; તરતનું જન્મેલું બચ્ચું; વાવણી કરવાને તૈયાર કીધેલી જમીન. Subs. The womb; a pregnant woman; fœtus, embryo; a new-born child; ground prepared for sowing. Per. آبستن

અ-બસીમ, a-basîm. વિ૦ નાખુશ, આનંદી નહીં; નાસવાદ. Adj. Not cheerful—jovial; tasteless. Contrast Per. بسیم

અ-બસીમી, a-basîmî. ના૦ Subs. ખુશી—આનંદ વગરની હાલત; સવાદ વગરનું તે; દલગીરી. Subs. State of being not cheerful—jovial; tastelessness, sorrow.

અ-બસીમીતુમ, a-basîmîtum. વિ૦ ઘણોજ ઉદાસ—દલગીરી ભરેલો. Adj. Most melancholy—sorrowful. Corrupt form of

અસ્સર, assar. ના૦ ખેતી, ખુરજીગરી. Subs. Agriculture.

અએવેસ્રુસ્રેમ, aêvêsrûsrêm. ના૦ દાહાડાની ચોથી ગેહનું નામ છે. Subs. The fourth sub-division of the day.

આસીન, આઈયેન. âsîn. âiyên. } See âsîn.
અસીન, આઈઈન. asin, âiîn. }

સે-બીના, sê-bînâ. ના૦ ત્રણ માસ—મહીના. Subs. Three months.

ખાએ-વાએ, khâê-vâê. ના૦ પરંદાનું બેડું. Subs. The egg of a bird.

અગ-દીનાર, ag-dînâr. ના૦ ખરાબ—ખોટો દીનાર—સીક્કો. Subs. A false *dinâr* (a coin). Comp. = Av. ; = Av. , Sans. **दीनार.**

અ-સંવાર, અસ્વાર, a-sanvâr, asvâr. ના૦ સવાર, ઘોડા ઉપર બેસીને હાંકનાર. Subs. A trooper, a rider.

આશ્ને-ખેરદ, âsnê-khêrad. ના૦ See âsnîd-khêrad.

અસ્બંદીઆર, Asbandîâr. ના૦ ઈરાનના કયાની પાદશાહ ગુસ્તાસ્પનાં છોકરાનું નામ, કે જેને "તેહમતન અસ્પંદીઆર" બી કહેછે. Subs. The name of the son of Gushtâsp, the Kayânian king of Persia—otherwise known as *Têhêmtan Aspandiâr.* Comp. Per. اسفندیار

આસીન, આયન, âsîn, âyan નાο લોહું. Subs. Iron. Comp. Pehl.

આસીનીન, âsînîn. વિο લોઢાનું બનાવેલું, લોઢાનું. Adj. Made of iron, iron. Comp. Av.

અયસ્નીન, ayasnîn. See âsînîn.

ખસીનેદ, khasînêd. ક્રિο બીહે, ધાસ્તી રાખે; સુકે. V. May fear—dread.

હએચીનેદ, haêchînêd. ક્રિο સુકાવે; સુકાએ. V. May dry; may be dried. Comp. Av. Rt.

હએચીનેદ-હોમનાદ, haêchînêd-hômanâd. ક્રિο સુકાયું હોએ; સુકવ્યું હોએ. V. Might have dried, might have been dried. Comp. Av.

આસ્નીદ-ખેરદ, âsnîd-khêrad. નાο જાતી અક્કલ. Subs. Natural intelligence.

આસ્નીદે, âsnîdê. See âsnîd-khêrad.

આસ્નીદે-મલ્કા, âsnîdê-malkâ. નાο જાતી અક્કલ રાખનાર. Subs. Possessor of natural intelligence (lit.).

આસ્નીદે, âsnîdê. વિο કમાલીઅત પામેલો, નામીચું. Adj. Accomplished; first-rate, excellent.

આશીનગર, âsîngar. નાο લોહાર. Subs. A blacksmith. Per. آهنگر

અગ-દીન, ag-dîn. નાο બદદીન, જુદી દીન. Subs. A bad religion; a different creed.

આઈએન, આસીન, âîêna, âsîn. ના૦ આરસી, આઈનો. Subs. A mirror, a looking-glass.

આઈઈન, અયસન, આસીન, âiîn, ayasan, âsîn. See âsîn.

અ-દીનાન, a-dînân. ના૦ દીન વગરનાં. Subs. Irreligious persons. Per. بی دینان

અગદીની, agdînî. વિ૦ ખરાબ—જુદ દીનને લગતું. Adj. Relating to a bad—foreign religion.

અસ્તોદાન, astôdân. ના૦ મુવેલાં માણસના હાડકાં રાખવાની જગા. Subs. A repository for bones of dead bodies.

આઈયેન-વર, âiên-var ના૦ લોઢાની કગરસ. Subs. Particles of iron.

આયનગર, âyangar. See âysîngar.

આસ્નતાર, âsnatâr. ના૦ મોબેદનો એક પંથ જેનું કામ નાહાન નહવાડવાનું હોએ છે. Subs. An order of Mobeds whose business is to administer ablution for purposes of sanctification. Comp. Pehl.

આસુદન, âsudan. ક્રિ૦ આશાએશ લેવી, આરામ લેવો. To take rest, to repose.

આસીન-પેતાર, આઈયેન-પેતાર, âsîn-pêtâr, âîyênpêtâr. ના૦ લોહાર, લોહોડું ઓતનાર. Subs. Blacksmith, iron-founder.

આશીન-પતગર, âsîn-patgar. See âsin-pêtâr.

અસીનમ, asînam. ક્રિ૦ ધોઉં, કરૂં. V. I may wash —do.

અ-દકીઉર, a-dakîur. વિ૦ અપવિત્ર, નાપાક, પરહેજગાર નહીં. Adj. Impure, unholy, impious.

અ-યસ્ક, a-yask વિ૦ નીરોગી, તનદરોસ્ત. Adj. Free from disease; healthy.

દો-યસ્ક, do-yask. બે દરદ. Subs. Two diseases. Comp. Av.

અ-સેજ, અ-સીજ, a-sêz, a-sîj. વિ૦ નાશ નહીં પામે તેવું, હમેશનું, અમૃત. Adj. Imperishable, eternal; immortal. Comp. Av.

આસેફ, âsêf. ના૦ સુલેમાનના વડા વજીરનું નામ. Subs. Name of the grand *vizir* of Solomon. Comp. Av. آصف

અ-સીજ-ઓમન્દ, a-sîz-ômand. See a-sêz, a-sîj. Comp. Av.

અ-સીજશની, a-sîjashnî. ના૦ નહીં નાશ પામે તેવી હાલત, હમેશગી. Subs. Imperishableness, eternity.

અ-સેજી, a-sêzî. See a-sêz.

અઈઈવીસ્રેમ, aîîvîsrêm. See aêvas-rûsrêm.

અ-સેજીદન, a-sêzîdan. ક્રિ૦ ચાલુ ન રાખવું, નાલાયક થવું, હટીજવું. V. To discontinue, to recede —retreat, step back; to become unworthy.

અ-સેજશની, a-sêzashnî. વિ૦ મોત વગરનું; હમેશ જીવતું. Adj. Deathless, ever-living.

અ-શેજીદ, a-sêzîd. ક્રિ૦ નાલાયક થયું. V. Became unworthy.

અ-શેજ-તન, asêz-tan. ના૦ વગર મોતનું તન. Subs. A body not subject to decay or liable to perish.

અ-સીજગ, a-sîzag. વિ૦ દુઃખ—સખ્તી વગરનું. Adj. Free from pain—hardship.

અગ-દીદ, ag-dîd. ના૦ બુરી નજર; ખરાબ નિષ્ટા. Subs. An evil eye; a wicked purpose—design.

અબસ્ત, abast. ના૦ તોરંગ (ઈઆને લીંબુની જાતના એક ફળ) નો ગર—માવો. Subs. The pulp of a citron. Comp. Per. ابستا، ابستہ، ابست

અબસ્ત, abast. ના૦ સખત ગોસ્ત કે જે હજમ થતાં ઘણો વખત લાગેછે અને તેથી માંદાને નુકસાન પોંહોંચે છે. Subs. Tough meat which is hard to digest and injurious to the stomach.

ખેજીદ, khêjid. ના૦ ફીકર, ચિન્તા, અંદેશો. Subs. Care, anxiety, solicitude.

ખેસ્ત, khêst. See khêsht.

સગ-દીદ, sag-dîd. ના૦ કુતરાની નજર; કુતરાનું જોવું; સગદીદ. Subs. Sight of the dog; to be seen by the dog; *Sagdîd*. Comp. Per. سگ + دید

સે-સત, sê-sat. સંખ્યા૦ વિ૦ ત્રણસો, ૩૦૦. Numer. Adj. Three hundred, 300.

અએ-ગેતી, aê-gêtî. ના૦ આ દુનિયાં—પૃથ્વી. Subs. This world—earth.

અબસ્તા, abastâ. ના૦ કેતાબનું બયાન, અવસ્તા. Subs. The description of a book, the *Avesta*. Comp. Per. ابستا, وستا, استا

અ-એસ્તાદ, a-êstâd. ક્રિ૦ નહીં હતો; નહીં ઉભો રહ્યો. V. Was not; did not stand.

અ-એસ્તાદન, a-êstâdan. ક્રિ૦ ઉભું—ખરૂં—ટ-ટાર નહીં રહેવું; પાછું હઠવું. V. Not to stand, not to be upon the feet in an erect position; to step back. Contrast Per. ایستادن

અબસ્તે, abastê. ના૦ જાસુસ, ભોમીઓ; છુપો કાસદ, ચાપલુસી કરનાર. Subs. A spy, a guide; a secret emissary, a flatterer.

ખેસ્તે, khêstê. See khêstê.

એસ્તેદ, êstêd. ક્રિ૦ છે; હોય; ઉભો થાય. V. Is; may be; may stand up.

અ-જસ્તે, a-jastê. ભૂ૦ કૃ૦ નહીં પોંહોંચેલું—પુગેલું; મેલવ્યા વગરનું. Past partic. Not reached, not acquired.

આસ્તુનીનેદ, âstunînêd. ક્રિ૦ જોએ; નજર કરે; ધ્યાન આપે. V. May see—look at; may pay attention to.

અ-દસ્તોબર, a-dastôbar. વિ૦ રજા—હોકમ વગર; ધરમના કાએદાથી ઉલટું, રજા—હોકમ નહીં આપનાર, નાખુશ-

વાએદા પ્રમાણે નહીં. Adj. Without permission, mandate; contrary to the religious law—injunction, not giving permission—license—unpleasant; not according to one's promise. Comp. Per. بي دستور

અ-દસ્તોબરી, a-dastôbarî. ના० રજા વગરની હાલત, ધરમના ફરમાન વગરની હાલત, ગેરવાજબીપણું. Subs. State of being without permission; state of being contrary to the religious injunction; illegality.

અ-દસ્તોબરીહા, a-dastôbarîhâ. ક્રિ० અ० કાયદાથી ઉલટી રીતે; ધરમના ફરમાનથી ઉલટી રીતે. Adv. In violation of law; in opposition to religious injunction.

અ-બસ્તન, a-bastan. ક્રિ० નહીં બાંધવું; છુટું રાખવું; બંધ—દબાણમાં નહીં રાખવું. V. Not to bind, to let loose; not to put under restraint. Contrast Av. [illegible], Sans. बन्ध, Per. بستن

ખસીદન, khasîdan. ક્રિ० ચાવવું; ખાવું; ભીનું કરવું; ભુંજવું; બીહીવું; બુડ્ડું—જુનું થવું. V. To masticate; to eat; to moisten; to bake; to be afraid; to be old. Per. خسيدن

અ-દસ્તુર, a-dastûr, વિ० હોકમને નહીં માનનાર; ધર્મ-ગુરૂ—દસ્તુર વગરનું. Adj. Refusing to obey; without any religious preceptor—Dastur.

આસ્ત-વર, âsta-var. વિ० સુલેહ—સંપજ ભરેલું;

શાન્તીવાળું. Adj. Peaceful, calm, quiet, undisturbed.

[illegible] સે-સેતોર, sê-sêtôr. ના૦ ત્રણ બારબરદારી જાનવર, ત્રણ ચોપગાં જાનવર. Subs. Three beasts of burden; three quadrupeds. Comp. Av. [illegible] [illegible], Per. سه ستور

[illegible] અબસ્તે, abastê. See [illegible] abastê.

[illegible] ખેસ્તે, khêstê. વિ૦ એક ઈંટ—ઈંટરડીના જેટલું—પરમાણનું. ના૦ એક ઈંટરડી. Adj. Of the size of a brick. Subs. One brick.

[illegible] ખેસીદે, khêsîdê. ભૂ૦ કૃ૦ જુદું થએલું; ભીનું કીધેલું; ભુંજેલું; ખાધેલું, બીધેલું. Past partic. Become old; moistened; baked; eaten; afraid. Comp. Per. خسیده.

[illegible] અ-બસ્તગી, a-bastagî. ના૦ નહીં બાંધેલું તે, ઢીલાપણું, ખોલ્લું થવું, છુટું થવું. Subs. State of being unbound; looseness, opening, unclosing.

[illegible] અઈસંમ, aîsam. વિ૦ નરમ, નાજુક, પોચું, નબળું. Adj. Not hard, tender, soft, weak.

[illegible] અએસમ, aêsam. ના૦ બાળવાનાં લાકડાં; સુખડ. Subs. Fuel; sandalwood. Av. [illegible] = Sans. इध्म = Per. هیزم Av. Rt. [illegible] = Sans. Rt. इध् = To burn.

[illegible] અસીમ, asîm. વિ૦ આશ્ચર્ય પામેલો; બહાવરો થઈ ગએલો. Adj. Amazed; stupefied, confounded. Comp. Per. سیمه ، اسمه ، سرا سیمه

અસીમ, asîm. ના૦ પથ્થર. Subs. A stone. Comp. Av. Sans. अश्मन्.

અસીમ, આસીમ, asîm, âsîm. ના૦ એક મોટા મરતબાનો ખેતાબ છે, કે જે અરદા વીરાફને આપવામાં આવ્યો હતો. Subs. A title of high honour given to Ardâ Vîrâf.

આઈએમ, âiêm. ના૦ દહાડાં; વખત; હીંગામ. Subs. Days; time, season.

આએસ્મ, âêsma. See âyêîshma.

આસીમ, અસીમ. âsîm, asim. ના૦ આસ્માન, આકાશ; રૂપું. વિ૦ રૂપેરી. Subs. The sky, heavens; silver. Adj. Silvery. Comp. Per. سیم

આસીમ, âsîm. વિ૦ ઉંચું, વખાણવા જોગ, બુજોરગ, મરતબાવાળું. ના૦ ચઢતા દરજાનો માણસ; શિક્ષાગુરૂ. Adj. Elevated; praiseworthy; of an exalted station. Subs. A man of an exalted position; the principal or head of a school.

એસમ, êsam. ક્રિ૦ હું ધોઉં, પાક કરૂં. V. I may wash—purify.

હેસમ, hêsam. See hêsham.

આસીમ-ગેરાન, âsîm-gêrân. ના૦ રૂપું ગાલનારા—સાફ કરનારા; સોનીઓ. Subs. Those that fuse—purify silver; silversmiths.

આસ્માન, âsmân. ના૦ આસ્માન; ૨૭) મા રોજનું નામ; ખોદાતાલાની એક શક્તિનું નામ. Subs. The sky,

heavens; the 27th day of every month; one of the powers of God. Comp. Pehl., Av., Per. آسمان

એસીમી, êsîmî. વિ૦ બાલવાનાં લાકડાં—કાઠીને લગતું; ઈંધણ—કાઠી—સુખડને લગતું. Adj. Pertaining to dry wood for burning; pertaining to sandal-wood.

આસીમીન, âsîmîn. વિ૦ રૂપેરી; રૂપાના જેવું. Adj. Silvery; like silver. Comp. Per. سیمین

અએસમ-ગુન, aêsma-gûn. વિ૦ રૂપાના રંગનું. Adj. Having the appearance of silver.

અએસીમીન, aêsîmîn. વિ૦ રૂપેરી. Adj. Silvery, made of silver. Per. سیمین

અસીમીન, asîmîn. વિ૦ પથ્થરનું બનાવેલું; પથ્થરના જેવું. Adj. Made of stone; like a stone.

આસીમીન-પેસીદ, âsîmîn-pêsîd. વિ૦ રૂપાંથી શીંગારેલું, રૂપાંથી ભરત ભરેલું. Adj. Decorated—embroidered with silver. Comp. Pehl. = Av. Rt. = Sans. पिश् = to decorate.

અ-યદમન, a-yadman. વિ૦ હાત—ટેકા વગરનું. Adj. Having no hands (lit.); unsupported.

અસદમન, as-daman. ના૦ વાઘ. Subs. A tiger.

એસમ, êsam. See aêsam.

અસીમે, asîmê. વિ૦ આશ્ચર્ય થએલો; બાહાવરો થઈ ગએલો. Adj. Astonished, stupefied, confounded.

આસીમ-ગરાન, âsîm-garân. See âsîmgêrân.

હેસ્મ-તન, hêsma-tan. ના૦ ગુસ્સા—ક્રોધવાળું આદમી. Subs. A passionate man.

અસીમ-પતગરાન, asîm-patgarân. ના૦ રૂપાને ગાળનારા—સાફ કરનારા. Subs. Those that fuse—purify silver. Av. Sans. अश्मन.

અ-ગેર, a-gêr. વિ૦ રંગ વગરનું; આકાર વગરનું. Adj. Colorless; shapeless.

અ-દેર, a-dêr. વિ૦ લાંબા વખતનું નહીં તે; થોડા વખતનું બનેલું; હમણાનું. Adj. Not long past; of late occurrence; recent. Contrast Per. دير

અસ્દર, asdar. See asdaman.

અસીર, asîr. ના૦ કેદી, બંદીવાન; ગોલામ. Subs. A prisoner, a captive; a slave. Per. اسير

અ-સીર, a-sîr. વિ૦ નહીં ધરાયલું—તૃપ્ત થએલું; અસંતોષી. Adj. Not satiated—satisfied; discontented. Contrast Per. سير.

અસેર, asêr. વિ૦ અગણીત, બેશુમાર; ઘણુંજ. Adj. Countless, innumerable; excessive.

અસ્બરી, asbarî. વિ૦ સેવટ આવેલું, સમાપ્ત થએલું; પુરૂં. Adj. Concluded, terminated; complete. Comp. Per. اسپري, سپري

સે-સરેશુતે, sê-sarêshutê. વિ૦ એક તૃત્યાંશ, ત્રીજો હિસ્સો. Adj. One-third; a third part.

અએદુન, aêdûn. ક્રિ૦ અ૦ એ રવેશે, એ તરેહ, એવી રીતે, એ પ્રમાણે. Adv. In this manner—way, accordingly. Per. ایدون

અગેન, અદીન, agên, adîn, ઉભયા૦ અ૦ પણ ; ક્રિ૦ અ૦ જો ; અગર ; ત્યારે ; જ્યાંસુધી, તે ઉપરથી, તે વખતે, એ રવેશે. Conj. But. Adv. If; then; as far as, thereupon, at that time, in this manner.

અ-દુઈ, a-duî. ના૦ બેફરેબ ; ખોદાતાલાનાં નામો મધેનું એક નામ. Sübs. One who is not deceived; one of the names of the Almighty Creator. Comp. Av.

અ-બીન, a-bîn. વિ૦ નહીં જોનાર ; જાહેર નહીં ; છુપું, ખાનગી. Adj. Not seeing; not apparent—clear; secret, private. Comp. Per. نابینا

અબીન, ખબીન, abîn, khabîn. ના૦ મરદ—પુરૂષની છુપી ઈંદ્રી—અવયવ. Subs. *Pudendum viri.*

અસુ, આસુ, asu, âsû. વિ૦ છુદું, એલાહેદું, એક બોરદ, એક જગાએ. Adj. Separate, apart, aside; in one place.

આઈઈન, આઈયેન, આઈએન, âiin, âiên, âiyên. ના૦ એક ગામનું નામ છે. Subs. Name of a village—town. See âsâ.

આદીન, આઈન, âdîn, âîn. ના૦ ઉપમા, દાખલો, દલીલ, આરાએશ ; રશમ, આદત, એક ગામનું નામ છે. Subs. A simile; an example, an instance; argument;

ornament; usage, habit; name of a village—town.

[Avestan] આયન, âyan. ના૦ ધાતુ, ચાલ, રશમ, કાએદો, ટેવ. Subs. Metal, custom, usage, a rule, a habit. Av. [Avestan] = Sans. अयन् = Per. آئین

[Avestan] ખએ, khaê. ના૦ માછલીનાં ઈંડાં—ગરભ. Subs. The spawns of fish.

[Avestan] અએના, aênâ. ઉભયા૦ અ૦ અથવા, યા. Conj. Or, either.

[Avestan] અ-દીના, a-dînâ. ના૦ ગેરઈનસાફ; બેદાદ, જુલમ. Subs. Injustice, iniquity; tyranny.

[Avestan] અસ્નીય, asniya. વિ૦ દહાડાને લગતું, ના૦ હીંગામ. Adj. Relating to a day (lit.). Subs. Season, time. Av. [Avestan]

[Avestan] આસ્ના, âsnâ. વિ૦ જાહેર, ખોલ્લું; પ્રસિદ્ધ, ચાલાક, હુશિયાર. Adj. Apparent, open; generally known; nimble, intelligent.

[Avestan] દો-શનેહ, dô-sanêh. ના૦ બે ફટકા—ઝટકા—ઝપાટા; બે હથિઆર. Subs. Two strokes—stripes; two weapons. Prohib. [Avestan] + [Avestan], [Avestan], [Avestan], [Avestan] = Av. [Avestan] Av. Rt. [Avestan] = Sans. अस्त्र.

[Avestan] અસ્નીય, asniya. વિ૦ See [Avestan] asniya.

[Avestan] અ-સંગી, a-sangî. વિ૦ ભાર વગરનું, હલકું. Adj. Not heavy, light. Prohib. [Avestan] + [Avestan], [Avestan] = Per. سنگین.

આઈનહા, âînhâ. નાo હીંગામ, વખત; મોસમ. Subs. Season, time; a recurrent period.

દો-સનેહ, dô-sanêh. See dô-sanêh.

હીવહા, hîvhâ. નાo ખરાબી, નુકશાન; ગેરફાયદો; તોટો. Subs. Evil; harm, injury; disadvantage; loss.

અ-દીના-ઓમન્દી, a-dînâ-ômandî. વિo ગેરઈનસાફી ભરેલું; જુલમી, બેદીન. Adj. Unjust, unfair, despotic; irreligious.

અ-સોખરીગી, a-sôkhrîgî. નાo સોરખ નહીં, રાતી છાંટ—રંગ વગરનું. Subs. Want of redness, want of a red tincture.

દો-સનેહ, dô-sanêh. See dô-sanêh.

અ-દીનાઈ, a-dînâî. નાo ગેરઈનસાફી; બેદીની. Subs. Injustice; irreligiousness; ungodliness.

અ-સુદીએ, a-sûdîê. વિo બીનફાએદે, ફાએદાકારક નહીં તે. Adj. Disadvantageous, unprofitable, not lucrative. Comp. prohib. + = Av. Av. Rt. = Per. سود

અ-દીનાઈહેદ, a-dînâîhêd. ક્રિo બેઈનસાફી ખમે. V. May suffer injustice.

અ-દેવ-યસ્નાન, a-dêv-yasnân. નાo દેવને નહીં માનનારા; બુતપરસ્ત નહીંતે; એકજ ખોદાને માનનારા. Subs. Those that do not worship *Dêvs* (*i. e.* evil spirits); non-idolators; believers in one true God. Av.

અ-દીનાન, a-dînân. નાo દયાનત—પ્રમાણીકપણાં વગરનાં—દીન વગરનાં માણસો. Subs. Faithless—dishonest—irreligious persons. Per. بی دینان

આઈનાન, âinân. નાo ઉપમાઓ, દાખલાઓ. Subs. Similes, examples, instances.

હીબવંદ, hîbvand. નાo પાહાડ—પર્વતનું પાણી. Subs. Mountain water.

અસ્નાન, યસ્નાન, asnân, yasnân. નાo આરાધના—બંદગી કરનાર; પુંજનારા. Subs. Those that invoke—put up prayers; worshippers.

અસુઆન, asûân. plural of asû—which see.

અદીન-ખોહ, adîn-khôh. નાo એવી ખાશીઅત. Subs. Such a nature—habit.

અ-દીન-ખોહ, a-dîn-khôh. વિo વગર દીનની ખાશીઅતનું. Adj. Not of a religious mood—nature.

હીબવાન્ત, hibvânt. See hibvand.

અ-દીનાક, a-dînâk. વિo બેદીન, કાફર, ઈનસાફ વગરનું. Adj. Irreligious, infidel; unjust. Comp. Per. بی دین

અ-શુખ્તન, a-sûkhtan. ક્રિo નહીં બલનું—પ્રકાશનું. V. Not to burn, not to shine. Prohib. + = Av. Rt. = Sans. Rt. शुच् = Per. سوختن

અએવાર, aêvâr. નાo સૂર્યે અસ્ત પામવાનો વખત; સમીસાંઝનો વખત. Subs. The time of sunset; the evening.

અસ્વાર, asvâr. નાo ઘોડા ઉપર સવારી કરનાર; પેહેલવાન, લડાયક. Subs. A rider; a hero, a warrior. Comp. Per. اسوار

દો-દીનાર, dô-dinâr. નાo બે દીનાર. Subs. Two *dinars*. Comp. Av.

આસ્ન-ખેરદ, âsna-khêrad. નાo જાતી—ખુદરતી અક્કલ—બુદ્ધિ. Subs. Natural intelligence. Comp. Av.

આસ્ને-ખેરદ-ઓમનદી. âsnê-khêrad-ômandî. જાતીઅક્કલ ભરેલું. Adj. Possessing natural intelligence.

અસ્વાર-તર, asvâr-tar. નાo વધારે સરસ રીતે સવારી કરનાર. Subs. A more skilful rider.

અયંગ, ayang. See ahân, âhan.

અ-શુદ, આસોગ, a-sûd, âsôg. વિo ભુખું નહીં તે, ધરાએલું, તૃપ્ત થએલું. Adj. Not hungry, eaten to one's full, satisfied. Prohib. + = Av. = Sans. क्षुध, क्षुधा.

અએ-ગોશ, aê-gôsh. નાo એક કાન. Subs. One ear. Comp. = Av. + = Av. = Per. گوش

અગીન-શ, અદીન-શ, અદીની, aginash, adinash, adinî. ક્રિo અo જ્યારે તે; પણ—જો તે, ત્યારે તો તેનેભી, તેને લીધે. Gram. particle. But, if he (lit.); then he, when he; even to him; on that account.

અદીન-શ, અગેન-શ, adina-sh, agêna-sh. ક્રિo અo

÷ સર્વ૦ ત્યારે—તે પ્રમાણે—તે ઉપરથી તેને, adv. + pron. Then to him, thereupon to him, accordingly to him. (Comp. adv. + pron. suf. of 3rd pers. sing.)

અ-દીની, a-dînî. વિ૦ ધેરવેલા, કાયદા—રીત પ્રમાણે નહીં, દીન વગરનું, અધરમી, દુરાચારી. Adj. Not according to established principles or customs; irreligious, impious, following evil practices. (Comp. + = Av. + sign of adj.).

અ-સનશ, a-sanash. વિ૦ નુકશાન—તંગી—ઝિઆન વગરનું. Adj. Free from harm—want—injury.

આહની, âhanî. વિ૦ લોઢાનું; લોહોડાની બનાવટનું. Adj. Consisting of iron; made of iron.

દો-સનેહ, dô-sanêh. See dô-sanêh.

આઈનીહા, âinihâ. ક્રિ૦ અ૦ એવી રીતથી; ના૦ આ-એનાઓ. Adj. By such ways—means. Subs. Mirrors.

અએવગાહન, aêvagahan. ના૦ કુસ્તી. *Kushti.*

અગીન-શાન, agîn-shân. ક્રિ૦ અ૦ + સર્વ, જ્યારે તેઓ પણ—જો તેઓ; ત્યારે તેઓ. Adv. pron. But if they; then they (lit.), when they, thereupon they. Comp. adv. + pron. suf. of 3rd pers. plu. See agînash.

આઈનશ્ને, âinashnê. ના૦ રોનક—શીંગાર કરવો. Subs. Adorning, decorating.

અ-સનશ્ની, a-sanashnî. See a-sanash.

[illegible] અ-સનઝને-વફર, a-sanazhnê-vafar. ના૰ બરફ-કરાંનું નહીં વરસવું—પડવું. Subs. No raining of snow or hail, no falling of sn ow. Prohib. [illegible] + [illegible] = Av. [illegible] Av. Rt. [illegible] Sans. Rt. स्निह + [illegible] = Av. [illegible] Av. Rt. [illegible] Sans. Rt. वप्.

[illegible] અગેનીઆવ, agêniâv. ના૰ મગજનું લોહી. Subs. Blood of the brain.

[illegible] અસોબાર, અસુબાર, asôbâr, asubâr. See [illegible] asuâr.

[illegible] અ-સુદારી, અ-સરદારી, a-sudârî, a-sardârî. વિ૰ વગર ધણીઆતું, સરદારી વગરનું, અધિપતિપણાં—માલેકી—સત્તા વગરનું. Adj. Having no owner—leader, state of being without mastery—command—authority, state of being without an editor—owner. Prohib. [illegible] + [illegible] = Av. [illegible] = Per. سرداري

[illegible] અસુબારી, asubârî. સવારી કરવી; Subs. Riding upon.

[illegible] અ-સુબારીદન, a-sûbârîdan. ક્રિ૰ નાઉમેદ થવું, નાઉમેદી થવી, આશા ભ્રષ્ટ થવી. V. To be disappointed—despaired, to be hopeless.

[illegible] અ-દીની, a-dînî. ના૰ બેદીની, જુદદીની. Subs. Irreligiousness; belief in a foreign creed. Comp. Per. بي ديني

[illegible] અસ્નીએ, asniê. ના૰ દાહાડો, દિવસ. Subs. A day.

[illegible] અસુસ, asus. ના૰ ખતા, ગુનાહ, ભુલ. Subs. A crime, a fault, a sin; an error.

અ-સુદી, a-sudî. વિ૦ નુકશાનકારક, ફાયદા-હાંસલ—નફા વગરનું. Adj. Harmful, disadvantageous, unprofitable. Contrast Per. سود مند

અ-સંગી, a-sangî. See a-sangî.

સે-ગોબશ્ની, sê-gôbashnî. ના૦ ત્રણે વચન, યાને 'મનશ્ની,' 'ગવશ્ની' અને 'કુનશ્ની.' Subs. Three words (*i.e. manashnî, gavashnî,* and *kunashnî*).

અ-દીનીગાન, a-dînîgân. ના૦ દીન—ધર્મ વગરના લોકો; મહજબ નહીં પાલનારાઓ. Subs. Irreligious persons; infidels.

અસુબશ્ને, asubashnê. ના૦ મળીજવું, ભેલઈ જવું; સામેલ થવું. Subs. Mixing up, becoming familiar; associating with.

આસોગશ્ને, âsôgashnê. ના૦ ખાધા વગર રેહેવું. Subs. Abstaining from food.

આસ્ની-ખેરદ, âsni-khêrad. ના૦ See âsnakêrad.

અ-દેવ-યસ્નાન, a-dêv-yasnân. ના૦ બુતપરસ્તો નહીં તે. યજદાં પ્રસ્તો. Subs. Worshippers of God; non-believers in Dêvs (evil spirits); non-idolators.

અગનીન, agnin. ક્રિ૦ અ૦ એક બારગી; એકદમ; એટલું છતાં. Adj. From one point of view, in one sense; at once; notwithstanding.

આઈનીન, âinin. ના૦ રેવાજ, રસમ, શીંગાર; આબરૂ, માન, મરતબો. Subs. Mode, usage, decoration; honour, respect, dignity.

આહ્નીન, âhanin. See âhanî. âsînîn.

અ-દીનીનદ, a-dininad. ક્રિ૦ તેઓ નહીં આપે. V. They may not give (something).

આઈયનીન-ગુન, âiyanin-gun. વિ૦ લોહોડાંના રંગનું; લોહોડાં જેવું સખ્ત. Adj. Iron-colored; hard as iron.

આઈયનીનીન, âiyaninin. See âhanî.

આઈયનીન, âiyanin. See âhanî.

અ-શોઈન, a-sôîn. વિ૦ કાંજી—લાહી—સરસનું નહીં બનાવેલું. Adj. Not made of starch—paste, not made of glue.

અ-દીની, a-dîni. વિ૦ અધરમી. Adj. Irreligious.

ખસ્વેદ, khasvêd. ક્રિ૦ બીહે, ડર કરે. V. May dread—fear.

આસ્નીદાર, âsnidâr. ના૦ મોબેદોના એક પંથનું નામ જેનું કામ નાહાન નહવાડવાનું હોય છે. Subs. An order of Mobêds whose business is to administer ablution for purposes of sanctification. Comp. Av. , Pehl.

અ-દીનીદન, a-dînîdan. ક્રિ૦ અ૦ અધરમી થવું; પોતાની દીન તજી દેવી. V. To be irreligious; to apostatize.

આસુગ-તુમ, âsug-tum. વિ૦ ઘણુંજ ધરાએલું. Adj. Most satisfied, extremely satiated.

આસ્નીદે, âsnidê. વિ૦ દાનાવ, શિખેલો, સમજુ, શીઆણો. Adj. Wise, learned, sensible.

અએદુન, aêdûn. See aêdûn.

અદીન, adin. ક્રિ૦ અ૦ ત્યારે, તે ઉપરથી, જો, વળી, હીઆં, જેઆરે, એ રવેશે. Adv. Then, consequently; if; also; here; when; in this manner.

અ-દીન, a-din. વિ૦ દીઆંનત વગરનું, અનીતિવાળું, બેદીન. Adj. Irreligious, immoral, dishonest. Per. بی دین

અબીન, abîn. વિ૦ હમેલદાર. Adj. Pregnant.

અ-બીન, a-bîn. See a-bîn.

આઇન, âin. See âsâ.

આઇઇન, âiin. ક્રિ૦ અ૦ એ રવેશે—રીતે. Adv. In this way—manner.

આઇએન, આહન, âiên, âhan. See âhan.

આચીન, âchin. નાં૦ ચીન દેશના લોકો, ચીનાઓ. Subs. The Chinese.

આદીનો, âdinô. ના૦ ખ્રીસ્તીઓનો ખોદા. Subs. The scripture name of the Supreme Being.

આસીન, âsin. ના૦ વિનંતી, કાલાવાલા, ઉપકાર, હેસાંન. Subs. Entreaty, earnest beseeching; an obligation, a favour.

આસુન, âsun. ક્રિ૦ અ૦ તે વખતે, ત્યારે, જ્યારે, તે ઉપરથી, તે માફક, પણ; જો; હજુર, હમણા, એ રવેશે. Adv. At that time, then; when consequently; according to that; but; if; still; now; in this manner.

અ-જીનાક, a-jînâk. See a-jînâk.

આ-ગુરાક, â-gurâk. ના૦ તે હાવનીમ. Subs. That. *Hâvanîm*.

અ-સુવાર, a-suvâr. See asudârî.

અસોવાર, asôvâr. See asvâr.

દો-દીનાર, dô-dinâr. See dô-dinâr.

આસ્ને-ખેરદી, âsnê-khêradî. વિ૦ જાતી—ખુદરતી અક્કલને લગતું. Adj. Pertaining to natural intelligence.

અસ્નવદ, asnavad. ના૦ એક પાહાડનું નામ છે. Subs. Name of a mountain. Comp. Av.

અદીને-શ, આસુન-શ, adinê-sh, âsuna-sh. See adina-sh.

અદીન-શાન, adin-shân. See agên-shân.

આસુન-શુન, âsun-shun. સર્વ૦ ત્યારે તેઓ. Pron. Then they. (lit.)

અએ-ગોબાક, âê-gôbâk. ના૦ એક સાક્ષી—સાહેદી. Subs. One witness.

આસ્નેદ-ખેરદ, âsnêd-khêrad. See âsna-khêrad.

અ-દીની, a-dînî. વિ૦ અધરમી, દીન વગરનું, બેદીન, દુરાચારી. Adj. Irreligious, ungodly, following evil practices. Comp. Per. بی دین

આહન્ની, âhannê. See âhanî.

આસ્નીદે, âsnîdê. See âsnidê.

અ-દીની-તગે, a-dinî-tagê. વિ૦ દીન—ધરમને લગતા જોસ—દીલસોજી વગરનું. Adj. Void of religious zeal—ardour.

અસ્નવદ-ગર, asnavad-gar. ના૦ 'અસ્નવદ' નામનો પાહડ. Subs. The *Asnavad* mountain. Comp. Av.

આઈએને-વદાખ્તે, âiênê-vadâkhtê. ના૦ ભઠ્ઠીમાં ગરમ કીધેલું લોહું; કોઈબી તાવેલી ધાતુ. Subs. Iron heated in a furnace; any metal heated to a red heat.

આસુનીન, âsunin. જો આએ, અગર પેલું. If this, if that (lit.)

અ-દીનીક, a-dînîk. વિ૦ અધરમી. Adj. Irreligious.

અએદુન, aêdûn. ક્રિ૦ અ૦ એ રવેશે. Adv. In this manner.

આસ્નવન્દ-કુન્દરી, âsnavand-kundarî. ના૦ એક પાહાડનું નામ છે. Subs. Name of a mountain.

આસુન-ચ, âsuna-cha. ઉભયા૦ અ૦ જો; તોપણ. Conj. If; however.

અ-સન્દે, a-sandê વિ૦ આળસુ નહીં; ચાલાક. Adj. Not idle; active.

અસ્નવદ, asnavad. ના૦ એક પાહાડનું નામ છે. Subs. Name of a mountain. Comp. Av.

આશુન-તુ, âs'un-tû. જેવારે તું. When thou (lit.)

અસ્નવદ-ગાહ, asnavad-gâh. ના૦ ઓસ્તુવદ ગાથા; બીજા ગાથાનું નામ. Subs. *Oshtavad Gâthâ* (name of the second Gâthâ). Comp. , Pehl.

[Avestan] આઈયેન-તન, âiyên-tan. વિ૦ લોઢાના જેવા બદન—શરીરનું. Adj. Of an iron constitution.

[Avestan] અ-દીન-તન, a-din-tan. ના૦ અધરમી માણસનું શરીર, અધરમી માણસ. Subs. The body of an irreligious man, an irreligious man.

[Avestan] આસુન-તુન, âsun-tan. જ્યારે તન—શરીર. When the body (lit.)

[Avestan] અસન્દેહ, asandêh. See [Avestan] a-sandê.

[Avestan] આસ્નીદે, âsnidê. See [Avestan] âsnidê.

[Avestan] આસ્નુદે, âsnudê. ના૦ તેજ, પ્રતાપ, દબદબો. Subs. Lustre; grandeur, majesty, pomp.

[Avestan] આસ્નીદે-ખેરદ, âsnidê-khêrad. See [Avestan] âsnêd-khêrad.

[Avestan] અ-ગુમાન, a-gûmân. વિ૦ શક વગરનું, બેશક, બેગુમાન. Adj. Undoubted; doubtless.

[Avestan] અ-થનુર, a-thanur. વિ૦ કામઠાં વગરનું. Adj. Having no bow. Contrast. Av. [Avestan], Sans. धन्वन्.

[Avestan] દો-સનુર, dô-sanûr. ના૦ બે સ્નાયુ—રગ—નેસ. Subs. Two muscles—tendons, two sinews. Av. [Avestan] [Avestan] Av. Rt. [Avestan] = to extend, to stretch.

[Avestan] અદીવક, અંએવક, adivak, aêvak. સંખ્યા. વિ૦ એક. Numer. adj. One.

[Avestan] અ-શુક, a-sûk. વિ૦ બિનફાએદે, વગર હાંસેલનું. Adj. Profitless, void of gain—advantage. Prohib. [Avestan] + [Avestan] Av. [Avestan] Av. Rt. [Avestan]

આઈને, âinê. નાo રોનક, રવેશ, રીત. Subs. Elegance, beauty; custom; manner.

દો-શુએ, દો-અવે, dô-suê, dô-avê. નાo બંને બાજુ, બેઉ તરફ, બે ભાગ. Subs. Both sides, two sides, two parts. = Av. + = Per. سو، سوی

અગેન-ચ, અદીન-ચ, agêna-cha, adina-cha. See agên, adin.

અગેન-ચ-શ, agen-cha-sh. અગર—જો તેબી. If he also (lit.)

અ-સુજ્જદાર, a-sujidâr. વિo રોશન નહીં કરનાર—આપનાર. Adj. Not making bright; not giving lustre.

અગેન-અત, agên-at. ક્રિo અo ત્યારે તું. Adv. Then thou (lit.)

અ-સુદ, a-sud. વિo વગર ફાયદાનું. Adj. Unprofitable. Contrast Per. سود

અસુદ, asud. વિo નેકીવાળું; પવિત્રાઈ—પરહેજગારી ભરેલું. Adj. Virtuous; pious, devout.

આસુદ, âsud. વિo સુખી; નીરાંત; મેહેનતથી વેગળું. Adj. Happy; at rest; free from trouble—labour.

અ-સુદાન, a-sudân. Plural of asud, which see.

આસુદાન, âsudân. Plural of âsud, which see.

હસુદાન, hasudân. ના૦ અદેખાઓ, એકલપેટાઓ. Subs. Envious persons; selfish men.

અ-સુદાક, a-sudâk. વિ૦ ગેરફાયદો કરનાર, નુકશાનકારક. Adj. Disadvantageous; hurtful.

આસ્નતાર, âsnatâr. See âsnîdâr.

અ-સુદારી, a-sudârî. વિ૦ સરદારી—સાહેબી નહીં ભોગવતું; બીન ફાયદાકારક. Adj. Not ruling, not exercising authority. Contrast Per. سرداري

અ-સુદી, a-sudî. See a-sudî. Pâz.

અ-સુદી, a-sûdî. See a-sudî.

અ-સુદીનાક, a-sudînâk. See asudâk.

અ-સુદીનીદન, a-sudînîdan. ક્રિ૦ ફાયદાકારક નહીં થવું, ગેરફાયદો કરવો. V. Not to be advantageous; to cause disadvantage.

અસન્દે, asandê. See a-sandê.

અ-સુદે, a-sudê. See a-sudî.

અ-સુદગી, a-sudgî. ના૦ ગેરફાએદો; તોટો. Subs. Disadvantage; loss.

અ-સંદગી, a-sandgî. વિ૦ સુસ્ત નહીં; ઠોઠ—વગર અક્કલનું નહીં તે. Adj. Not lazy—indolent; not dull—senseless.

આસુદગી, âsudagî. ના૦ નીરાંતપણું, શાંતી; સુખ. Subs. Rest, quiet; happiness. Per. آسودگي

અ-સનદગીહા, a-sandgîhâ. ક્રિ૦ અ૦ વગર કાહેલીથી. Adv. Not lazily—indolently.

આસુદગીહા, âsûdgîhâ. ક્રિ૦ અ૦ આસુદાપણાંથી, સુખથી. Adv. With ease, happily.

અદુપ, adup. ઉભયા૦ અ૦ યા, અથવા. Conjunc. Or, either.

દો-સુપ્ત, dô-sûpt. ના૦ બે—બંને ખભાં, બેઉ ખાંધ. Subs. Two shoulders. Comp. = Av. + = Av. = Sans. शुप्ति = Per. سفت

અ-સુફ્તન, a-suftan. ક્રિ૦ નહીં વિંધવું, વેહે—આંધરૂ નહીં પાડવું. V. Not to bore—perforate. Contrast Per. سفتن

આસુપતન, âsûptan. ક્રિ૦ વેહે—સુરાખ પાડવો, ઉથલપાથલ કરવું. V. To bore, to perforate. Prefix = Av. + = Av. Rt. = Sans. Rt. शुप = Per. سفتن

અગેન-અમ, અદીન-અમ, agên-am, adîn-am. ક્રિ૦ અ૦ પણ મને, પણ મારે વિશે, તોપણ હું; ત્યારે હું—મેં, ત્યારે—એ પ્રમાણે—તે ઉપરથી મને. Adv. But to me—about me; however I; then I (lit.), then to me, thereupon to me, accordingly to me. Comp. adv. + pron. Suf. of 1st pers. sing.

આસુમ, એસુમ, âsum, êsum. ના૦ કાઠી, સુખડ. Subs. Firewood; sandalwood. Comp. Pehl.

ઓયુમ, ôyûm. સર્વ૦ મને. Pron. To me; me.

અ-દયુમ, a-dayum. વિ૦ દશમા વગર, દશમે દાહાડે નહીં. Adj. Without performing the ceremony on the tenth day after one's death; not on the tenth day.

સે-યુમ, sê-yum. ના૦ ત્રણ દાહાડા, ફક્ત ત્રણ દાહાડા. Subs. Three days; only three days.

અદીમ, adîm. ના૦ દમ, સાસ. Subs. Breath.

અ-દીઉર, a-dîûr. વિ૦ દરૂન—ખોરાક વગર. ના૦ બા-હેલા દરૂન. Adj. Without *Darun*-food. Subs. Unhallowed *Darun*.

અનદર, andar. શબ્દ૦ અ૦ અંદર, માં; નીચે. Prep. In, within, into; below, under. Comp. Av. Pehl. Sans. अन्तर. Per. اندر

